શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET

ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ ત્રીજ શુક્રવાર ૬ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૨

પાનાં ૧૮ કિંમત ₹ ૫.૦૦


# ઇંગ્લેન્ડને સાત રને હરાવીને ભારત ટી-20 વર્લ્ડકપની ફાઇનલમાં

**વાનખેડેમાં** રનનો પહાડ, સંજૂ સેમસનની 89 રનની ઇનિંગની મદદથી ભારતીય ટીમે સાત વિકેટે 253 રન બનાવ્યા

**બેથલની** સદી અને જેક્સ, કરન સાથેની ભાગીદારી છતાં ઇંગ્લેન્ડ સાત વિકેટે 246 રન સુધી જ પહોચ્યું

**મુંબઈ, તા. 05 (PTI) :** ટી-20 વર્લ્ડકપની આજે ગુરુવારે અહીં રમાયેલી સેમી ફાઇનલમાં સંજુ સેમસનની તોફાની અર્ધસદીની મદદથી ભારતે ટુર્નામેન્ટના ઇતિહાસમાં નોકઆઉટ મેચોમાં સૌથી વધુ સ્કોર સાત વિકેટે 253 રન બનાવીને મૂકેલા 254 રનના લક્ષ્યાંકની સામે જેકબ બેથલની આક્રમક સદી છતાં ઇંગ્લેન્ડ સાત વિકેટે 246 રન સુધી જ પહોંચતાં ભારતે આ મેચ સાત રને જીતીને રવિવારે આઠમી માર્ચે અમદાવાદમાં રમાનારી ન્યૂઝીલેન્ડ સામેની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ઇંગ્લેન્ડ વતી લક્ષ્યાંક આબંવાની શરૂઆત એટલી સારી રહી નહોતી. જો કે 38 રનના સ્કોર પર તેમણે બે વિકેટ ગુમાવી દીધી હતી. જો કે જોસ બટલર અને બેથલ મળીને બાજી સુધારી રહ્યા હતા ત્યારે બટલર આઉટ થયો હતો. તે પછી બેથલે એક છેડેથી ફટકાબાજી ચાલુ રાખી હતી. તેણે વિલ જેક્સ સાથે 33 બોલમાં 77 રનની અને સેમ કરન સાથે 27 બોલમાં 50 રનની ભાગીદારી કરીને ભારતના શ્વાસ અદ્ધર કર્યા હતા.જો કે બુમરાહની 18મી અને હાર્દિકની 19મી ઓવર મેચમાં પાસુ પલટાવનારી સાબિત થઇ હતી અને અંતે ઇંગ્લેન્ડ સાત રન છેટું રહી ગયું હતું.

ટોસ હારીને બેટિંગ કરવા આવેલા ભારતે પાવર પ્લેમાં સેમસનના એક વિકેટે 67 રનની મદદથી સારી શરૂઆત કરી હતી અને 10 ઓવરમાં બે વિકેટે 119 રન બનાવ્યા હતા. સેમસને પોતાને 15 રન પર મળેલા જીવતદાનનો ફાયદો ઉઠાવતા, 42 બોલમાં સાત

...અનુસંધાન પાના 4 પર





### મેચની ખાસ ક્ષણો

**સેમસનનું નસીબઃ** આર્ચરની ઓવરમાં હેરી બ્રુકે સેમસનનો કેચ છોડ્યો હતો (15 રન પર), ત્યારબાદ સેમસને પાછળ વળીને જોયું નહીં.

**બુમરાહનો જાદુઃ** જ્યારે મેચ હાથમાંથી જતી લાગતી હતી, ત્યારે બુમરાહે 18મી ઓવરમાં માત્ર 6 રન આપી બાજી પલટી.

# ઈરાનનો સાઉદી, દુબઈ અને કતાર પર મિસાઈલ-ડ્રોન મારો





**દુબઈમાં** 131 સ્યુસાઈડ ડ્રોનથી હુમલો; સમગ્ર દુબઈમાં સાયરન વાગતા લોકો શેલ્ટરમાં

**બહેરીનમાં** આવેલી એક મોટી ઓઈલ ફેસિલિટી (તેલ પ્લાન્ટ) પર ડ્રોન હુમલા બાદ ભીષણ વિસ્ફોટો

દુબઈ, 5 (AP): ઈરાને ગુરુવારે ઈઝરાયેલ, અમેરિકી સૈન્ય મથકો અને પ્રાદેશિક દેશો પર હુમલાઓનું નવું મોજું શરૂ કર્યું છે. સાથે જ ઈરાને ચેતવણી આપી છે કે ઈરાની યુદ્ધ જહાજને ડૂબાડવા બદલ અમેરિકાએ ભારે પસ્તાવો કરવો પડશે. તેહરાન દ્વારા વધતા જતા વળતા હુમલા અને મક્કમતા એવા સમયે સામે આવી છે જ્યારે ઈઝરાયેલ અને અમેરિકા સતત છઠ્ઠા દિવસે ઈરાન પર પ્રહારો કરી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ હવે અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગઈ છે. દુબઈ, અબુ ધાબી અને ફુજૈરાહમાં સાયરન વાગી રહ્યા છે અને રહેવાસીઓને તાત્કાલિક શેલ્ટર્સમાં જવા આદેશ અપાયો છે. અબુ ધાબીના પ્રખ્યાત 'યાસ મરીના' પર પણ કાળા ધુમાડાના ગોટા જોવા મળ્યા છે, જ્યાં છ ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલો ત્રાટકી હોવાની પુષ્ટિ થઈ છે.

...અનુસંધાન પાના 13 પર

### ખામેનીનો પુત્ર નહીં ચાલે, આગામી નેતાની પસંદગીમાં ટ્રમ્પ સીધી દખલ કરશે

રાજદ્વારી મોરચે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આક્રમક વલણ અપનાવતા કહ્યું છે કે ઈરાનના આગામી નેતાની પસંદગીમાં તેઓ સીધી દખલ કરશે અને ખામેનીના પુત્ર મોજતબા તેમને મંજૂર નથી. દરમિયાન, લેબનોનમાં ઈઝરાયેલના હુમલામાં આઠ લોકોના મોત થયા છે અને યુરોપિયન દેશો સ્પેન, ઈટાલી અને ફ્રાન્સ પણ પોતાના નૌકાદળના જહાજો સાયપ્રસ તરફ મોકલી રહ્યા છે. અમેરિકાએ અત્યાર સુધીમાં મધ્ય પૂર્વમાંથી અંદાજે 20,000 નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે, જ્યારે હજુ પણ હજારો લોકો આ યુદ્ધના મેદાનમાં ફસાયેલા છે.

### ઈરાન પર દેશવ્યાપી હુમલા જારી

આ દરમિયાન, અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર દેશવ્યાપી હુમલાઓ ચાલુ રાખ્યા છે, જેમાં તેમની સૈન્ય ક્ષમતાઓ, નેતૃત્વ અને પરમાણુ કાર્યક્રમને નિશાન બનાવવામાં આવ્યા છે. ઈઝરાયેલ અને અમેરિકી નેતાઓએ એવો સંકેત પણ આપ્યો છે કે સરકારને ઉથલાવી દેવી એ તેમનું લક્ષ્ય હતું. પરંતુ યુદ્ધના ચોક્કસ ઉદ્દેશ્યો અને સમયરેખા વારંવાર બદલાતી રહી છે, અને આ સંઘર્ષ હવે અનિશ્ચિતકાળ સુધી ચાલે તેવો દેખાય છે. ઈરાનના હુમલાઓએ તેના આરબ પડોશીઓને નિશાન બનાવ્યા છે, તેલ પુરવઠામાં વિક્ષેપ પાડ્યો છે અને વૈશ્વિક હવાઈ મુસાફરીને ખોરવી નાખી છે. વિવિધ દેશોના સત્તાવાર આંકડા મુજબ, આ યુદ્ધમાં ઈરાનમાં ઓછામાં ઓછા 1,230 લોકો, લેબનોનમાં 70 થી વધુ અને ઈઝરાયેલમાં લગભગ એક ડઝન લોકો માર્યા ગયા છે. છ અમેરિકી સૈનિકોના પણ મોત થયા છે. ઈઝરાયેલે અનેક મિસાઈલ હુમલાઓની જાહેરાત કરી છે અને તેલ અવીવ તથા જેરુસલેમમાં સાયરન ગુંજી ઉઠ્યા હતા, જ્યારે ખાડી દેશોએ પણ તેમના પર હુમલા થયા હોવાના અહેવાલ આપ્યા છે. યુ

### આઝારબૈજાનમાં ડ્રોન હુમલા , ઇરાનનો ઈનકાર

ઈરાન તરફથી કથિત રીતે છોડવામાં આવેલા ડ્રોન આજે આઝારબૈજાનમાં ક્રેશ થયા હતા અને વિસ્ફોટાયા હતા, જેના કારણે આઝારબૈજાને તાત્કાલિક ચેતવણી આપી છે કે તે 'વળતા પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે'. આ હુમલાઓથી સંઘર્ષ વધુ વ્યાપક બનવાનું જોખમ ઉભું થયું છે, જેમાં એક ડ્રોન નખ્ચિવનના એરપોર્ટ પાસે પડતા ત્યાં આગ લાગી હતી,

...અનુસંધાન પાના 4 પર

બિહારમાં હવે ભાજપના નેતૃત્વમાં નવી સરકાર બનવાનો માર્ગ મોકળો

# બિહારમાં નીતીશ યુગનો અંત: CM પદ છોડી રાજ્યસભામાં જશે

**પટના, તા. 5 (PTI):** જેડી(યુ) પ્રમુખ નીતીશ કુમારે ગુરુવારે રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ ઘટના બિહારના રાજકારણમાં એક મહત્વનો વળાંક માનવામાં આવે છે, જેનાથી રાજ્યના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપનાર નીતીશ કુમારના કાર્યકાળનો વર્ચ્યુઅલી અંત આવ્યો છે. આ સાથે જ હિન્દી હાર્ટલેન્ડ ગણાતા આ રાજ્યમાં નવી સરકાર બનાવવાનો માર્ગ મોકળો થયો છે, જેનું નેતૃત્વ સંભવતઃ ભાજપ કરશે. ગયા અઠવાડિયે જ 75 વર્ષના થયેલા કુમાર, ઇતિહાસમાં એક કુશળ રાજકારણી તરીકે ઓળખાશે. તેમની પાર્ટી જેડી(યુ) પાસે ક્યારેય રાજ્ય વિધાનસભામાં બહુમતી ન હોવા છતાં, તેમણે 2005થી વિક્રમી 10 વખત રાજ્ય સરકારનું નેતૃત્વ કર્યું છે. જેડી(યુ)ના સુપ્રીમોએ 'X' (અગાઉના ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા સંસદમાં પાછા ફરવાની તેમની ઈચ્છા જાહેર કરી, જેનાથી પાર્ટીના કાર્યકરો સ્તબ્ધ થઈ ગયા હતા. રાજ્યના લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા કુમારે કહ્યું, બે દાયકાથી વધુ સમયથી તમે મારા પર સતત વિશ્વાસ અને સમર્થન રાખ્યું છે

...અનુસંધાન પાના 4 પર



### જેડી(યુ) કાર્યકરોએ પાર્ટી ઓફિસમાં તોડફોડ કરી

*જનતા દળ(યુ) કાર્યકરોએ પાર્ટી ઓફિસમાં તોડફોડ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે ભાજપે લલન સિંહ અને સંજય ઝા જેવા મોલ્સની મદદથી તેમના વિશ્વસનીય નેતાને બહાર ફેંકવાનું ષડયંત્ર રચ્યું છે. સિંહ અને ઝાએ આ આરોપો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.*

### મુખ્યમંત્રીપદ માટે ભાજપના સમ્રાટ ચૌધરીનું નામ મોખરે

*મુખ્યમંત્રી પદ માટે જે નામો ચર્ચાઈ રહ્યા છે તેમાં ભાજપના સમ્રાટ ચૌધરીનું નામ મોખરે છે, જેમને અમિત શાહે ચૂંટણી પ્રચાર દરમિયાન મોટા માણસ બનાવવાનું વચન આપ્યું હતું. ચૌધરી હાલમાં ગૃહ વિભાગના મહત્વના*

...અનુસંધાન પાના 4 પર

# ચીને સંરક્ષણ બજેટમાં ૭ ટકાનો વધારો કર્યો

**ભારત** કરતા ચીનનું સંરક્ષણ બજેટ ત્રણ ગણું વધારે

**બીજી** બાજુ, દેશના આર્થિક વિકાસદરનો અંદાજ ઘટાડીને ૪.૫ ટકાથી ૫ ટકા કરવામાં આવ્યો

**બેઈજિંગ, 5 માર્ચ (PTI):** ચીને ગુરુવારે તેના સંરક્ષણ બજેટમાં આશરે 1.91 ટ્રિલિયન યુઆન(277 અબજ યુએસ ડોલર)નો વધારો કર્યો છે, જે ગયા વર્ષની સરખામણીમાં યુઆનના સંદર્ભમાં સાત ટકાનો વધારો છે. અમેરિકી સૈન્યની બરાબરી કરવા માટે સશસ્ત્ર દળોના ઝડપી આધુનિકીકરણના પ્રયાસોના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે.

નેશનલ પીપલ્સ કોંગ્રેસ (NPC) ના ઉદઘાટન સત્રમાં ચીની પ્રમુખ શી જિનપિંગ અને અન્ય ટોચના નેતાઓની ઉપસ્થિતિમાં, વડાપ્રધાન લી કિઆંગે તેમનો વાર્ષિક કાર્ય અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં તેમણે 2026 ના નાણાકીય વર્ષ માટે સંરક્ષણ ખર્ચ વધારીને અંદાજે 1.91 ટ્રિલિયન યુઆન (ડોલરના સંદર્ભમાં 276.9 અબજ ડોલર) કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે વાર્ષિક ધોરણે સાત ટકાનો વધારો દર્શાવે છે, તેમ સરકારી અખબાર 'ચાઈના ડેલી' એ અહેવાલ આપ્યો છે.

તેમના પ્રસ્તાવનું બીજું મુખ્ય પાસું ચીની અર્થતંત્ર માટે જીડીપી (GDP) લક્ષ્યાંક ઘટાડીને 4.5 થી 5 ટકા કરવાનું હતું. ટ્રમ્પના ટ્રેડ ટેરિફ વોર, અમેરિકા-ઈરાન યુદ્ધ પછીના વણસતા વૈશ્વિક સંકટ અને પ્રોપર્ટી માર્કેટમાં મંદી તથા બેરોજગારીને કારણે સ્થાનિક અર્થતંત્રમાં ઊભા થયેલા પડકારોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. ચીન, જે ભૂતકાળમાં બે આંકડામાં વૃદ્ધિ કરતું હતું, તે વધતા જતા સ્થાનિક અને બાહ્ય આર્થિક પડકારો વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી જીડીપી માટે પાંચ ટકાનો લક્ષ્યાંક નક્કી કરી રહ્યું હતું. આ વર્ષે, પ્રથમ વખત લક્ષ્યાંક ઘટાડીને 4.5 થી 5 ટકા કરવામાં આવ્યો હતો, જેને સ્વીકૃતિ તરીકે જોવામાં આવે છે કે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા સ્થગિત સ્થાનિક વપરાશને કારણે બાહ્ય વેપાર પર વધુ નિર્ભર રહીને પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો

...અનુસંધાન પાના 4 પર

ઇરાને કહ્યું કે ભારતના મહેમાન એવા અમારા જહાજ પર અમેરિકાએ નિષ્ઠુર હુમલો કર્યો

# અમેરિકાએ શ્રીલંકાના કાંઠે ઈરાનનું એક યુદ્ધ જહાજ ડૂબાડી દીધું

**IRIS** Dena નામના આ જહાજને બુધવારે સવારે સબમરીનમાંથી ટોર્પિડો છોડીને નિશાન બનાવાયું

**શ્રીલંકન** લશ્કરે બચાવકાર્ય હાથ ધરી ૩૨ને બચાવ્યા, ૮૭ મૃતદેહો કિનારે લવાયા, ૬૦ લાપતા

ગાલે(શ્રીલંકા)/વોશિંગ્ટન, 4 (રોઈટર્સ): એક અમેરિકન સબમરીને શ્રીલંકાના દક્ષિણ કિનારે ઈરાનના એક યુદ્ધજહાજને ડૂબાડી દીધું છે, જેમાં ડઝનબંધ નાવિકોના મોત થયા છે. આ ઘટનાએ ઈરાની નૌકાદળ સામે વોશિંગ્ટનના સંઘર્ષને નાટકીય રીતે વિસ્તારી દીધો છે.

શ્રીલંકાના નાયબ વિદેશ મંત્રીએ આ યુદ્ધજહાજની ઓળખ ફ્રિગેટ IRIS Dena તરીકે કરી હતી અને જણાવ્યું હતું કે તે પૂર્વી ભારતીય બંદરથી ઈરાન પરત ફરી રહ્યું હતું. આ જહાજને બુધવારે ડૂબાડી દેવામાં

...અનુસંધાન પાના 4 પર





### શ્રીલંકાએ બીજા ઈરાની જહાજને ત્રિંકોમાલીમાં લાંગરવાની મંજૂરી આપી

**કોલંબો.** શ્રીલંકાએ ગુરુવારે પૂર્વીય બંદર ત્રિંકોમાલીમાં બીજા ઈરાની જહાજને લાંગરવાની મંજૂરી આપી હતી અને તેમાં સવાર તમામ ૨૦૮ કર્મચારીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ ટાપુ દેશની નજીક અન્ય એક ઈરાની ફ્રિગેટ ડૂબી ગયાના એક દિવસ બાદ રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ આ માહિતી આપી હતી. ટેલિવિઝન પરના તેમના સંબોધનમાં દિસાનાયકેએ જણાવ્યું હતું કે,

...અનુસંધાન પાના 4 પર

### ઈરાનનો બદલો: પર્સિયન ગલ્ફમાં અમેરિકી ટેન્કર પર ભીષણ હુમલો

**નવી દિલ્હી.** ઈરાને તેના યુદ્ધ જહાજ આઈઆરઆઈએસ ડેના પર થયેલા હુમલાનો અમેરિકા પાસેથી બદલો લઈ લીધો છે. હિંદ મહાસાગરમાં ઈરાની યુદ્ધ જહાજ પર હુમલા બાદ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ ગુરુવારે દાવો કર્યો હતો કે, તેણે ઉત્તરી ફારસની ખાડીમાં એક અમેરિકી ટેન્કર પર હુમલો કર્યો છે. ઈરાની સરકારી મીડિયાએ કહ્યું હતું કે, હુમલા બાદ

...અનુસંધાન પાના 4 પર

### તેલ જહાજોને વિમા કવચ પુરુ પાડવા અમેરિકાનો સંપર્ક કરતું ભારત

**નવી દિલ્હી.** ભારત તેની વર્તમાન તેલના જથ્થા ઉપરાંત ઉર્જા પુરવઠો સતત જળવાઈ રહે તે માટે મધ્ય પૂર્વથી તેલ લાવતા જહાજોને દરિયાઈ વિમા કવચ પૂરું પાડવા માટે અમેરિકાનો સંપર્ક કરી રહ્યું છે, તેમ પેટ્રોલિયમ મંત્રાલયના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. દેશ પાસે હાલમાં ટાંકીઓ, પાઇપલાઇન અને પરિવહન હેઠળના જહાજોમાં મળીને અંદાજે 25 દિવસની જરૂરિયાત પૂરી કરી શકાય

...અનુસંધાન પાના 4 પર

# અદાણી-ટોટલ ગેસે ઔદ્યોગિક ગેસના ભાવ ત્રણ ગણા કરી દીધા

**નવી દિલ્હી, તા. 5(PTI):** અદાણી ગ્રુપ અને ફ્રાન્સની ટોટલએનર્જીસનું સંયુક્ત સાહસ અદાણી ટોટલ ગેસ લિમિટેડ (ATGL) એ મોટા ઔદ્યોગિક ગ્રાહકો માટે ગેસના ભાવમાં લગભગ ત્રણ ગણો વધારો કર્યો છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતું શિપિંગ અટકી જતાં LNG સપ્લાયમાં આવેલા અવરોધોને પગલે આ નિર્ણય લેવાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

સૂત્રો દ્વારા ટાંકવામાં આવેલા કંપનીના મેમો અનુસાર, કોન્ટ્રાક્ટ મુજબના LNG પુરવઠાની ઉપલબ્ધતામાં કાપ આવતા કંપનીએ મોંઘા વૈકલ્પિક પુરવઠાનો સહારો લેવો પડ્યો છે, જેને કારણે તેણે ઔદ્યોગિક ગેસના ભાવ રૂ. 40 થી વધારીને આશરે રૂ. 119 પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર કર્યા છે. વિશ્વના તેલના આશરે પાંચમા ભાગના હિસ્સા અને મોટા પ્રમાણમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)નું વહન કરતા હોર્મુઝની સામુદ્રધુનીના સાંકડા દરિયાઈ માર્ગે તેલ-ગેસ

...અનુસંધાન પાના 4 પર

# હોર્મુઝ માત્ર અમેરિકા, ઈઝરાયેલ અને યુરોપ માટે બંધ

**જો આ** દેશોના જહાજો દેખાશે તો સીધો હુમલો કરવામાં આવશે, ભારતને રાહત?

**નવી દિલ્હીઃ તા. 5.** ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે જણાવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ (ખાડી) માત્ર અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ અને તેમના પશ્ચિમી સાથી દેશોના જહાજો માટે જ બંધ છે. આ જાહેરાત ગુરુવારે ઈરાનના સરકારી પ્રસારણકર્તા આઈઆરઆઈબી દ્વારા કરવામાં આવી હતી. આ જાહેરાત વિશ્વના સૌથી વ્યસ્ત શિપિંગ માર્ગોમાંના એકને લઈને ચાલી રહેલી અનિશ્ચિતતા બાદ આવી છે, જેમાં ખાડીમાં યુદ્ધ ફાટી નીકળ્યા બાદથી લગભગ તમામ વ્યાપારી ટ્રાફિક અટકી ગયો છે.

રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું હતું કે, ''તેમણે અગાઉ જ આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત ઠરાવોને અનુરૂપ સ્પષ્ટ કર્યું હતું કે, ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન યુદ્ધના સમયમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાના માર્ગનું નિયમન કરવાનો અધિકાર અનામત રાખે છે. નિવેદનમાં ચેતવણી આપવામાં આવી છે કે, અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ અને તેમના સમર્થકોના કોઈપણ જહાજો, જે આ જળમાર્ગમાં

...અનુસંધાન પાના 4 પર

તા. ૦૫-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૪° સે. | ૨૦.૨° સે. | ૩૨% |